ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતી બાળસાહિત્ય

Author:

**પરમાર નીતાબેન એસ.**

M.A.,M.ed.,PhD Student, Gujarat University

પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં ભાવકવર્ગને ધ્યાનમાં રાખી કિશોરસાહિત્ય, પ્રૌઢસાહિત્ય . નારીસાહિત્ય જેવા પ્રકારો નિર્દેશાયા છે .તેમાંનો એક પ્રકાર તે બાળસાહિત્ય, ગુજરાતી બાળસાહિત્યમાં પણ વિષય સ્વરૂપ, પાત્ર વગેરેની દ્રષ્ટિએ પેટા પ્રકાર પડે છે .પ્રસ્તુત શોધપત્રમાં ગુજરાતી બાળસાહિત્યના સ્વરૂપ આધારીત પ્રકારો વિશે વિચાર કરવામાં આવ્યો છે.

બાળસાહિત્ય વિભાવના

બાળસાહિત્ય એટલે બાળકેંદ્રિકૃત સાહિત્ય .બાળકની કલ્પનાવૃત્તિને પ્રતિબિંબિત કરી, કુતુહલવૃત્તિને ઉત્તેજીત કરી, તેની રસવૃત્તિને પોષી, જીજ્ઞાસાવૃત્તિને તૃપ્ત કરી નિજાનંદની અનુભૂતી કરાવે તે બાળસાહિત્ય .ડૉ .શ્રધ્ધાબેન ત્રિવેદી બાળસાહિત્ય વિશે કહે છે કે ; "એક રીતે જોતા એમ લાગે કે બાળસાહિત્ય બાળકને પાંખ આપવાનું કાર્ય કરે છે, અને બીજુ તેના માટે દિવાદાંડી બનીને તેનું પથ-દર્શક પણ બની રહે છે .બાળસાહિત્ય બાળકને આનંદની સાથે સાથે પશુ-પંખી, વનસ્પતિ, જગત, આડોશી-પાડોશી, ગામ, પાદર, ઘર અને પરિવાર સાથે જોડી આપે છે અને પ્રેમ જગાવે છે . સ્વસ્થ અને આનંદી મનુષ્ય ઘડતર માટે બાળસાહિત્ય ખાતર-પાણીની ગરજ સારે છે"

આ ઉપરથી કહી શકાય કે બાળસાહિત્ય બાળકની કલ્પનાને પાંખ આપવાનું કાર્ય કરે છે . તેનામાં સદ્ગુણોનો વિકાસ કરે છે .બાળસાહિત્ય જ બાળકને પ્રકૃતિ, પરિવાર, સમાજ, સૃષ્ટિ સાથે જોડી રાખે છે.

બાળસાહિત્ય એ બાળકથા, બાળકાવ્ય, બાળનાટક, બાળનિબંધ, બાળચરિત્ર એમ પંચ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે.

બાળકાવ્ય

જે કાવ્યોનો રસાસ્વાદ બાળક કરી શકે તે બાળકાવ્ય .પ્રત્યેક બાળકાવ્ય બાળકની ચેતનાને મોક્ળાશ આપી, જીવન અને જગતને જાણવામાં, માણવામાં તેમજ તેનો અનુભવ કરવામાં સહાય કરે છે .

ગુજરાતી લોકસાહિત્ય દ્વારા બાળકાવ્ય માટે ભરપૂર વારસો મળ્યો છે .જેમાં મુખ્ય છે હાલરડાં, લોક જોડકણાં. મધ્યકાળમાં નરસિંહ મહેતા, મીરાબાઇ, વલ્લભ મેવાડા, દયારામ આદિ એ શ્રી કૃષ્ણની બાળલીલાને રજુ કરતી બાળભોગ્ય રચનાઓ આપી છે .જેમાં નરસિંહ મહેતાની રચના 'જળકમળ છોડી જાને બાળા' આજે પણ બાળકંઠે સચવાયેલી છે.

અર્વાચીનકાળમાં દલપતરામે 'આપના અઢાર છે', 'બાપાની પીપર' જેવી રચનાઓ, ન્હાનાલાલે 'ગણ્યા ગણાય નહીં', 'મા,મને ચાંદલીયો' જેવી રચનાઓ બાળકોને ભેટ ધરી . કાવ્યલેખનની પરંપરાને ત્રિભુવન વ્યાસ, દેશળજી પરમાર, કૃષ્ણલાલ, શ્રીધરાણી, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી, સુંદરમ, સ્નેહરશ્મી, સોનાભાઇ ભાવસાર, બાલમુકુંદ દવે, ચંદ્રવદન મહેઆ, રમણલાલ સોની, રાજેન્દ્ર શાહ અને એવા અનેક કવિઓએ જાળવી રાખી છે.

ચં.ચી.મહેતા 'એક બીલાળી જાડી' રચના એટલી જ તાજગી સાથે આજેપણ બાળમુખે સાંભળવા મળે છે .ઉપેન્દ્ર આચાર્યની

"નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,

એતો કેવી અજબ જેવી વાત છે"

આ રચના એકે હજાર જેવું છે .શ્રી મકરંદ દવેનું 'ટમી ગઇ સ્કૂલ' તો રોજનું તાજુ કાવ્ય છે . આ અને આવા ઘણાં કાવ્યો દ્વારા બાળકાવ્ય સમૃધ્ધ છે.

સુરેશ દલાલ, વેણીભાઇ પુરોહિત, રમેશ પારેખ, જોસેફ મેકવાન, હરિકૃષ્ણ પાઠક, ફિલિપ ક્લાર્ક, મનોહર ત્રિવેદી વગેરે કવિઓએ બાળકાવ્યને સમૃધ્ધ બનાવવામાં યશસ્વી કાર્ય પ્રદાન કર્યુ છે.

બાળકથા

ગુજરાતી બાળસાહિત્યની શરૂઆત અંગ્રેજોના આગમન પછી થઇ .કેળવણીના માધ્યમ તરીકે તેમજ મુદ્રણયંત્રની શોધ પછી તેનો ઉત્તરોત્તર વિકાસ થયો .આ પહેલા લોકકથાસાહિત્ય સ્વરૂપે બાળકથાઓ ઉપલબ્ધ હતી .પંચતંત્ર, ઇસપ, હિતોપદેશ, રામાયણ, મહાભારત, અકબર-બીરબલ, રાજા મહારાજા, સાધુ સંતો, બહારવટીયા વગેરેની વાર્તાઓ ઉપલબ્ધ હતી.

આ પછી અનુવાદ રૂપે બાળકથા લખાઇ .'અરેબિયન નાઇટ્સ', 'ગુલિવર્સ ટ્રાવેલ્સ', વગેરેના અનુવાદ જાણીતા છે .આ સમયના સાહિત્યનો ઉદ્દેશ મુખ્યત્વે બાળકોને નીતિ અને સદાચારના મૂલ્યો શીખવવાનો વધારે જણાય છે કારણકે સૌથી વધુ ઉપદેશપ્રધાન વાર્તા આ સમયમાં મળે છે.

સંપૂર્ણપણે બાળસાહિત્ય કહી શકાય એવુ સાહિત્ય 'બાળસાહિત્યના બ્રહ્મા' ગિજુભાઇ બધેકા દ્વારા રચાયું .તેઓએ લોક સાધિત્યમાંથી વીણી વીણીને બાળવાર્તાઓ બાળકો સમક્ષ મુકી .આ ઉપરાંત હંસાબહેન મહેતા, નટવરલાલ માળવી, નાગરદાસ પટેલ, રમણલાલ શાહ વગેરે પણ બાળસાહિત્ય લેખનમાં મહત્વનો ફાળો આપ્યો.

રમણલાલ સોનીએ 'ગલબો શિયાળ', હરિપ્રસાદ વ્યાસે 'બકોર પટેલ', જીવરામ જોષીએ 'મીયા ફુસકી' અને તભાભટ્ટ જેવા ચિરંજીવી પાત્રો સર્જી બાળવાર્તાને સમૃધ્ધ બનાવી.

આજનો વાર્તાકાર નીતિ, ઇતિહાસ, વાસ્તવ, કલ્પના, વિજ્ઞાન, રહસ્ય, પશુ-પક્ષી, પ્રાણી, વનસ્પતિ વગેરેને વિષય બનાવી બાળવાર્તાની સૃષ્ટિ રચે છે .જેના કારણે બાળકથામાં ઘણું વિષયવૈવિધ્ય જોવા મળે છે.

કુમારપાળ દેસાઇ, ગિરીશ ગણાત્રા, હુંદરાજ બલવાણી, શ્રધ્ધાબેન ત્રિવેદી, યશવંત મહેતા, કિશોર પંડ્યા, રવિન્દ્ર અધારિયા, જોસેફ મેકવાન, લતા હિરાણી વગેરે દ્વારા બાળકથા સાહિત્ય નવા વિષય અને નવા સ્વરૂપે વિકસતું રહ્યું છે.

VIDHYAYANA

બાળનાટક

બાળપણમાં બાળકો અનેક રીતે નાટકો ભજવતા હોય છે .તેમની રમતોમાં ઘર-ઘર, ચોર સિપાઇ, જાદુગર, ડૉક્ટર વગેરેનું સ્થાન હોય છે .નાટક દ્વારા બાળક પોતાની ઉર્મિઓ , ઇરાદાઓ, કલ્પનાઓ, સાહસિકવૃત્તિ વગેરેને સંતોષી શકે છે.

બાળનાટક ગુજરાતી બાળસાહિત્યનું અલ્પવિકસિત અંગ છે.ઇ.સ .1920ના દાયકામાં બાળકોની મુછાળી મા સ્વ.શ્રી ગિજુભાઇ બધેકાએ મહદ અંશે દક્ષિણામૂર્તીમાં ભજવવા માટે 'બાળ નાટકો' ભાગ 2 – 1 આપે છે .શ્રી ગિજૂભાઇ બાળનાટકો લખવા ઉપરાંત તે નાટકો બાળકો પાસે ભજવાયા પણ છે .યશવંત પંડ્યા, જયંતિ દલાલ, નટવરલાલ માળવી, ધનંજય શાહ, ચંદ્રવદન

મહેતા, બાબુભાઇ દેસાઇ, કૃષ્ણલાલ શ્રિધરાણી તથા અન્ય લેખકોએ નાટ્યલેખનમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

શ્રી જુગતરામ દવે એ પણ ભજવવા માટે ' આંધળાનું ગાળુ', ખેડુતોનિ શિકારી' ;ગાલ્લી મારી ઘરરર જાય' જેવા બાળનાટકો લખેલા ત્યારથી માંડી આજદિન સુધી બાળનાટકોના પ્રકાશનની આછી-પાતળી પરંપરામાં કિસ્મત કુરેશી, શ્રી હરિપ્રસાદ વ્યાસ, બાલકૃષ્ણ જોષી,સુખદેવ પંડ્યા, ધુમકેતુ, વસંત નાયક, હૂંદરાજ બલવાણી, હરિશ નાયક, હસિત બૂચ, શિરીશ મહેતા વગેરેનું પ્રદાન ઉલ્લેખનીય છે.

બાળચરિત્ર

બાળપણ એ માનવજીવનનો ઉષ:કાળ છે .તેથી સંસ્કારલક્ષી શિક્ષણનો આરંભ બાલ્યકાળથી કરવામાં આવે છે .ઘર, શાળા, સમાજ દ્વારા બાળકમાં ચોક્કસ પ્રકારની જીવનદ્રષ્ટિ વિકસે એ માટે દેશ-વિદેશના મહાન વિભૂતિઓના પ્રેરણાત્મક જીવનની ઓળખ કરાવવામાં આવે છે .

ગુજરાતી બાળસાહિત્યમાં બાળકોને રસ પડે તેવા સરળ અને રસપ્રદ જીવનચરિત્રો મહત્વનું સ્થાન ધરાવે છે .તેમાં વિશેષત :પૌરાણિક પાત્રો, ખ્યાતનામ મહાપુરુષો, વીરો, સંતો, વૈજ્ઞાનિકો, રમતવીરો, પ્રવાસવીરો અને સાહસિકોના ચરિત્રોનો સમાવેશ થાય છે .

ગુજરાતી બાળવાર્તાની જેમ ગુજરાતી બાળચરિત્રનો આરંભ પણ અનુવાદથી થયેલો છે . જેમાં પ્રાણલાલ મથુરદાસ અને આનંદરાવ ચાંપાજી એ કરેલુ ભાષાંતર 'કોલંબસનો વૃતાંત' મુખ્ય છે .

વીસમી સદીમાં સ્વ.શ્રી ગિજુભાઇ બધેકાએ બાળચરિત્રોનું સર્જન કર્યુ .તેઓ બાળવાર્તાની જેમ બાળચરિત્રમાં પણ નવી ભાત પાડે છે .તેમની પાસેથી 'શિવાજી મહારાજ', 'હરિશ્ચંદ્ર', 'બુધ્ધચરિત્ર', 'ગોપીચંદ' જેવા ઉત્તમ ચરિત્રો મળે છે .ધિરજલાલ શાહે તો ચરિત્ર ઘળતરની નેમ ધરાવતી પૂસ્તિકાઓની શ્રેણી આપી છે .આ ઉપરાંત જુગતરામ દવે, જયભિખ્ખુ, નાગકુમાર મકાતી, રમણલાલ સોની, ભોગીલાલ ગાંધી, ચુનીલાલ વર્ધમાન શાહ, મનુભાઇ જોધાણી, પ્રહલાદ બ્રહ્મભટ્, રમણલાલ શાહ, સોમાભાઇ ભાવસાર,નાગરદાસ પટેલ, પુરાતન બૂચ, ધુમકેતુ, રમેશ દેસાઇ, ધીરજલાલ ગજ્જર, રસ્મિન મહેતા, કનુભાઇ રાવળ, વસંત નાયક, ચંદ્રકાંત મહેતા વગેરે એ ઉત્તમ બાળચરિત્ર સ્વરૂપમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

બાળનિબંધ

બાળનિબંધ ક્ષેત્રે શુન્યાવકાસ જોવા મળે છે .

બાળસાહિત્યનો નિબંધ એક આગવી શિસ્ત ધરાવે છે .આપણે જેને સાહિત્યિક નિબંધ કે લલિત નિબંધ તરીકે ઓળખીએ છીએ એના કરતા બાળનિબંધનું ગોત્ર તદ્ન અલગ છે . બાળનિબંધનો ઉદ્દેશ સર્જનોત્તર રહ્યો છે .બાળક્નો અનુભવ વધે, એની વિચારશક્તિ કેળવાય, તેની અભિવ્યક્તિ સ્પષ્ટ બને, સૃષ્ટિનું અવલોકન કરવાની શક્તિ વિકસે એ માટે બાળનિબંધ બાળકની અનેક પ્રકારની શક્તિઓની, અનુભવ જગતથી માંડીને ભાષાજ્ઞાન સુધીની કસોટી બની રહે છે .

આપણી ભાષામાં સાલેય નિબંધના લક્ષણો નો સૌપ્રથમ અણસાર દલપતરામના ‘નિબંધ લખવાની રીત’ એ નામના કાવ્ય ઉપરથી કંઇક મળી રહે છે .તો મણીભાઇ નભુભાઇ દ્વિવેદી ‘બાળવિલાસ’ સંગ્રહ આપે છે પણ એ નિબંધોય બાળક ગણાય એવા છે .

બાળકોના ભાષાશિક્ષણ્ને લાગેવળગે ત્યાં સુધી વાર્તા પ્રવૃતિની સાથે નિબંધનો પણ યોગ્ય રીતે મહિમા થવો જોઇએ .

નિષ્કર્ષ

શ્રી દલપતરામ ડાહ્યાભાઇએ ગુજરાતી બાળસાહિત્યનો પાયો નાખ્યો ત્યારથી ગુજરાતી બાળસાહિત્યે સારી પ્રગતિ કરી છે .વિશ્વસાહિત્યની ઉત્તમ વાર્તાઓથી બાળકો પરીચીત થયા છે . બાળસાહિત્યકારો એ લોકગીતો અને લોકકથાઓના સંકલનનું યશસ્વી કાર્ય કર્યુ છે . બાળવાર્તાઓના પરંપરાગતરૂપ ઉપરાંત વિજ્ઞાન કથા, રહસ્ય કથા, કોયડાકથા, કહેવતકથા, સાહસકથા, ચિત્રવાર્તા વગેરે જેવા સ્વરૂપોનું ખેડાણ થયું છે .બાળચરિત્ર દ્વારા ઉત્તમ ચરિત્રો મળ્યા છે .બાળનિબંધ ક્ષેત્રે ઘણી નિરસતા સાંપડી છે .

## સંદર્ભસૂચી

‘પરબ’ બાળસાહિત્ય વિશેષાંક; 1985 ઑગષ્ટ-સપ્ટેમ્બર.

ન્યુઝવ્યુઝ ડાયજેસ્ટ 23 થી 29 સપ્ટેમ્બર, 2017પૃ .9-12.

ગુજરાતી બાળસાહિત્ય; યશવંત મહેતા.

ગુજરાતી બાળકથા સાહિત્ય એક ઝલક; શ્રધ્ધા ત્રિવેદી.